ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં મોસમની સૌથી વધુ ગરમી : પારો ૪૧.૫ ડિગ્રી

## સિઝનમાં પહેલીવાર ગરમીનો પારો ૪૦ થી વધુ નોંધાયો : આકરો તડકો પડતા બપોરે શહેર સુમસામ બન્યુ



ગાંધીનગર, તા. ૧૭

સોમવારે ગાંધીનગરમાં સીઝનની રેકોર્ડબ્રેક ગરમી નોંધાઈ હતી. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને વટાવી ગયુ હતુ અને પારો ૪૧.૫ ડિ.સે. પર પહોંચ્યો હતો. આકાશમાંથી જાણે અંગારા વરસતા હોય તેવો આકરો તડકો અનુભવાયો હતો.

એપ્રિલ મહિનાના બીજા પખવાડિયાના પ્રારંભે આકરી ગરમીનો પ્રારંભ થયો છે. છેલ્લા ઘણા દિવસોથી ૩૮ થી ૪૦ ડિ.સે. વચ્ચે રહેતુ મહત્તમ તાપમાન સોમવારે વધ્યુ હતુ. સવારે સૂર્યોદય સમયથી જ જાણે ગરમી અનુભવાતી હતી. વાતાવરણમાંથી ઠંડક ગાયબ થઈ ગઈ હતી. સૂર્યોદય સાથે જ તડકો આકરો બનવા માંડ્યો હતો. સવારે નવ વાગે તો જાણે બપોરનો તડકો હોય તેવો આકરો તાપ અનુભવાતો હતો. જેમ જેમ બપોર પડતી ગઈ તેમ તેમ જાણે ભઠ્ઠી શેકાતી હોય તેવી ગરમી પડવા લાગી હતી. આકાશમાંથી અંગારા વરસી રહ્યા હોય તેમ લાગતુ હતુ. આકરા તડકાએ કહેર ગુજારવાનુ શરૂ કરતા માર્ગો સૂમસામ થવા લાગ્યા હતા. બજારોમાં અવરજવર સાવ ઓછી થઈ ગઈ હતી. વાહનચાલકો પણ મોઢે રૂમાલ કે દુપટ્ટો પહેરીને ગરમીથી બચવાનો પ્રયાસ કરતા નજરે ચઢતા હતા.

ગરમી વધતા એસી અને કુલર ફૂલ સ્પીડે ફરવા લાગ્યા હતા. ગરમીથી બચવાના ઉપાયો અજમાવતા વસાહતીઓ નજરે પડતા હતા. શેરડીના કોલા, ઠંડા પીણાની લારીઓ અને આઈસક્રીમ પાર્લરો પર ભીડ જોવા મળી હતી.

હવામાન વિભાગે હજુ આગામી કેટલાક દિવસો આવી જ ગરમી પડશે તેવી આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે એલર્ટ પણ જાહેર કર્યુ છે. બપોરના સમયે ઘરની બહાર ન નીકળવા અને પુષ્કળ પાણી પીવા માટે નાગરિકોને સલાહ આપવામાં આવી છે.

# જિલ્લામાં ૧૧ સ્થાનો પર યોજાયેલ ગ્રામ સ્વાગતમાં ૨૨૭ પ્રશ્નો રજુ થયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૧ સ્થાનો પર યોજાયેલ ગ્રામ સ્વાગતમાં ૨૨૭ જેટલા પ્રશ્નો રજૂ થયા હતા.

જિલ્લાના ગાંધીનગર તાલુકામાં આજે ૪ સ્થાનો પર ગ્રામ સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૮૪ પ્રશ્નો રજુ થયા હતા.

માણસામાં બે ગામોમાં યોજાયેલ ગ્રામ સ્વાગતમાં ૪૦ પ્રશ્નો તેમજ કલોલમાં યોજાયેલ બે ગ્રામ સ્વાગતમાં ૩૧ પ્રશ્નો રજુ થયા હતા.

દહેગામમાં ચાર ગામોમાં યોજાયેલ ગ્રામ સ્વાગતમાં ૭૨ પ્રશ્નો રજુ થયા હતા. સ્વાગત કાર્યક્રમની દ્વિ દશાબ્દી ઉજવણીને લઈ ગ્રામ સ્વાગતના કાર્યક્રમો જિલ્લા પંચાયતની બેઠકવાર યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતની બેઠકવાર યોજાયેલ ગ્રામ સ્વાગતના કાર્યક્રમમાં ૫૦૦થી વધુ પ્રશ્નો રજુ થયા છે.

હવે ૨૪મીએ તાલુકાકક્ષાના સ્વાગત કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. જેમાં જિલ્લા કલેક્ટર ગાંધીનગર તાલુકા સ્વાગતમાં, કલોલમાં જિલ્લા વિકાસ અધિકારી, માણસામાં જિલ્લા પોલીસ અધિક્ષક તથા દહેગામમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ઉપસ્થિત રહેનાર છે.

૨૬મીએ જિલ્લા સ્વાગત અને રાજ્ય સ્વાગતના કાર્યક્રમ યોજાશે. રાજ્ય સ્વાગત કાર્યક્રમના અંતે મુખ્યમંત્રી દ્વારા જિલ્લાઓના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરનાર છે.

સ્વાગત કાર્યક્રમ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કર્યો હતો. આ કાર્યક્રમને વીસ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોવાથી તેની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગે ખાસ મોનીટરીંગ પણ કરવામાં આવી રહ્યુ છે.

# જિલ્લામાં કોરોનાના ૧૯ દર્દીઓ ડિસ્ચાર્જ થયા : ૮ નવા કેસ નોંધાયા

## શહેરમાં ૬ કેસ નોંધાયા : કુડાસણમાં દંપત્તિ તો સે. ૮ માં બે, સે. ૪, ૧૩માંથી કેસ નોંધાયા, ગાંધીનગર ગ્રામ્યમાં માણસામાંથી બે કેસ નોંધાયા : બન્ને મહિલા દર્દી, ગ્રામ્યમાં ૧૬ દર્દી તેમજ શહેરમાંથી ૩ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે નવા નોંધાયેલા કેસો સામે ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે. ગાંધીનગર શહેરમાં આજે નવા ૬ કેસ નોંધાયા છે. જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં આજે ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે, જ્યારે ગાંધીનગર શહેરમાં ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો નોંધાયો છે. હોસ્પિટલાઈઝેશન પણ ઓછુ છે. દર્દીઓ નવા મળી રહ્યા છે પણ કોરોનાના હળવા લક્ષણો ધરાવતા હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા છે.

જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૩૦૦ને પાર થઈ ગઈ છે. તંત્રની દોડધામ પણ વધી છે. છતાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે કેસો છુટા છવાયા વિસ્તારોમાંથી મળી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. બન્ને કેસ મહિલા દર્દીના છે અને બન્ને કેસ માણસા તાલુકામાં નોંધાયા છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

માણસા તાલુકામાં આજે નોંધાયેલા બે કેસમાં એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ માણસા શહેરમાંથી નોંધાયો છે.

માણસા તાલુકાના અંબોડ ગામેથી ૨૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે માણસા શહેરમાં મજૂરી કામ કરતી ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૮૧ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૧ દર્દી હાલ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં કુડાસણમાંથી એક દંપત્તિ કોરોનામાં સપડાયુ છે. આ

● અનુસંધાન પાન-૭ પર

# શિક્ષણ વિભાગમાં બે નાયબ નિયામકને સંયુક્ત નિયામક સંવર્ગમાં બઢતી

ગાંધીનગર, તા. ૧૭

પાઠ્ય પુસ્તક મંડળના નિયામક તરીકે વી.આર. ગોંસાઈની નિમણુંક કરવામાં આવી છે. હાલ પાઠ્ય પુસ્તક મંડળના નિયામકનો ચાર્જ સમગ્ર શિક્ષાના ડાયરેક્ટર રતનકુંવર ગઢવી ચારણ પાસે હતો તેમને આ ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

રાજ્યના શિક્ષણ વિભાગે આજે સંયુક્ત શિક્ષણ નિયામક સંવર્ગમાં બે અધિકારીઓને બઢતી આપી નિમણુંક કરતા હુકમો જારી કર્યા છે.

બી.એન. રાજગોરને સંયુક્ત નિયામક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં મુકવામાં આવ્યા છે.

રાજ્યના શિક્ષણ વિભાગમાં વિવિધ બઢતીની ફાઈલો છેલ્લા ઘણા સમયથી પડતર પડેલી છે. હવે બઢતીનો દોર ચાલશે તેમ સચિવાલયના સૂત્રો કરી રહ્યા છે. રાજ્યના વિવિધ વિભાગોમાં બઢતીના હુકમો ન થતાં ઘણી જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે તે નોંધનીય છે.

# કલોલમાં વધતા હવાના પ્રદૂષણને લઈ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હરકતમાં આવ્યુ

## ૩ મહિનામાં પર એકમોને શોકોઝ નોટીસ અને નવ એકમોને નોટીસ ઓફ ડિરેક્શન તેમજ પાંચને કલોઝર નોટીસ અપાઈ

ગાંધીનગર, તા. ૧૭

કલોલ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં વધતા જતા પ્રદૂષણની સમસ્યાની ફરિયાદો વધતાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હરકતમાં આવ્યુ છે.

કલોલ વિસ્તારમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે પર ઔદ્યોગિક એકમોને શોકોઝ નોટીસ, નવ એકમોને નોટીસ ઓફ ડિરેક્શન તેમજ પાંચ એકમોને કલોઝર નોટીસ છેલ્લા ૩ માસમાં આપી છે.

જિલ્લામાં સૌથી મોટા ઔદ્યોગિક વિસ્તાર કલોલમાં આવેલો છે. કલોલમાં વધતા જતા પ્રદૂષણને લઈ વારંવાર અખબારી અહેવાલો પણ પ્રગટ થયા છે એટલુ જ નહિ ફરિયાદો પણ તંત્રને મળી છે.

પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા છેલ્લા ત્રણ માસમાં જ ૩૨૯ જેટલા એકમોનું મોનીટરીંગ પણ કરવામાં આવ્યુ છે અને મોનીટરીંગને આધારે નોટીસ અને કલોઝર નોટીસના પગલા લેવામાં આવ્યા છે.

કલોલ વિસ્તારમાં હવાના પ્રદૂષણને લઈ ફરિયાદો વધી રહી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ જી.આઈ.ડી.સી.માં

● અનુસંધાન પાન-૭ પર

## લોકસભાની ચૂંટણી પહેલાં

# ગાંધીનગરને મેટ્રોરેલ મળે તે માટે ઝડપથી કામ કરવા આદેશ

## અમદાવાદ પછી હવે પાટનગરનો ૨૮.૨૬ કિલોમીટરનો બીજો તબક્કો ૨૦૨૪માં પુરો થાય તે માટે તૈયારી

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં અમદાવાદને પ્રથમ મેટ્રો ટ્રેન આપવા માટે છેલ્લા ૧૫ વર્ષથી પ્રયાસો શરૂ થયા હતા પરંતુ હવે લાંબા ઈન્તજાર પછી અમદાવાદીઓ મેટ્રોરેલમાં સફર કરી રહ્યાં છે. આ મેટ્રોનું કામ પૂર્ણ થયું છે પરંતુ હવે આ મેટ્રોરેલના બીજા તબક્કામાં ગાંધીનગરને લાભ આપવાની તૈયારી ચાલી રહી છે.

ગાંધીનગરના મેટ્રોરેલના બીજા તબક્કાને ૨૦૨૪માં પૂર્ણ કરવાનું આયોજન ચાલી રહ્યું છે જેમાં ગિફ્ટ સિટી, અક્ષરધામ અને મહાત્મા મંદિરના રૂટના કામોમાં તેજી આવી છે. ગાંધીનગરના રૂટને લોકસભાની ચૂંટણી આવી રહી છે તે વર્ષ એટલે કે ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ગાંધીનગરનો રૂટ ૨૨.૪૮ કિલોમીટરનો છે.

અમદાવાદ મેટ્રોનો ૪૦ કિ.મી.નો પ્રથમ તબક્કો શરૂ કરી દેવામાં આવ્યો છે જેમાં અમદાવાદ મેટ્રોના પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર દક્ષિણનો કોરિડોર બનાવવામાં આવ્યો છે. મેટ્રો સ્ટેશનના ૪૦ કિલોમીટરના પ્રથમ તબક્કામાં ૩૨ સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અમદાવાદની મેટ્રોરેલને ગાંધીનગર સુધી લંબાવવાની યોજના બનાવવામાં આવી છે પરંતુ તેમાં પણ વિલંબ થયો છે. મેગા કંપનીએ દાવો કર્યો છે કે ગાંધીનગરની મેટ્રોરેલનું કામ ૨૦૨૪માં પૂર્ણ કરવામાં આવશે. જો કે નિર્ધારિત ૬૭૦૦ કરોડનો ખર્ચ વધીને ૭૦૦૦ કરોડને પાર જાય તેવી સંભાવના જોવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં મેટ્રોમાર્ગની કુલ લંબાઈ ૩૪.૫૯ કિલોમીટર હતી, પરંતુ સુધારેલા ડીપીઆર પ્રમાણે મેટ્રો રૂટની લંબાઈ ૨૮.૨૬ કિ.મી. થઈ છે. તેમાં બે કોરિડોર હશે - પ્રથમ ૨૨.૮૪ કિલોમીટરની લંબાઈ મોટેરા ને મહાત્મા મંદિર સાથે જોડાશે અને બીજી જીએનએલયુ (ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી) થી ૫.૪૨ કિલોમીટર લાંબી શાખા પીડીપીયુ અને ગીફ્ટ સિટીને જોડશે.



શહેરના માર્ગો પરથી ભૂસાઈ ગયેલા ઝીબ્રા ક્રોસના સફેદ પટ્ટાઓ અને ટ્રાફિક માટે જરૂરી હોય તેવા સફેદ પટ્ટા દોરવાનુ કામ હાલમાં ચાલી રહ્યું છે. ટ્રાફિકના નિયમન માટે તે ખૂબ જરૂરી છે.

# શહેરમાં મંથર ગતિએ ચાલતી ૨૪ કલાક પાણી માટેની યોજના

## "સ્માર્ટ સિટી" પ્રોજેક્ટ અંતર્ગત રૂ.૨૫૦ કરોડના ખર્ચે હાથ ધરાયેલી યોજનાના નવા સરિતા વોટર વર્કસ ખાતે શુદ્ધિકરણ પ્લાન્ટનું કામ બાકી

ગાંધીનગર, તા.૧૭

પાટનગર ગાંધીનગરમાં શહેરીજનોને ૨૪ કલાક પાણી મળી રહે તે હેતુથી ? ૨૫૦ કરોડના ખર્ચે હાથ ધરાયેલી યોજના મંથર ગતિએ ચાલી રહી છે જેના કારણે શહેરીજનો આ યોજના ઝડપથી પુરી થાય તે માટે આશ લગાવીને બેઠાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરને "સ્માર્ટ સિટી" બનાવવાના પ્રોજેક્ટ અંતર્ગત આ યોજના હાથ ધરવામાં આવી હતી. આ યોજના માટે શહેરમાં પાણીના વિતરણની મેઈન લાઈન તથા આંતરિક લાઈનો નવી નાંખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી તે ઉપરાંત પાણી પુરવઠા બોર્ડને બન્ને વોટર વર્કસ પર નવા વધુ ક્ષમતાના પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ ઉભા કરવા માટેના ? ૨૫૦ કરોડના ખર્ચની યોજનાને સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં "સ્માર્ટ સિટી" પ્રોજેક્ટ અંતર્ગત શહેરીજનોને ૨૪ કલાક પાણી આપવાની યોજના અંતર્ગત શહેરમાં માત્ર નવી પાઈપ લાઈન નાંખવાથી કામ ઉકેલાય તેવું જણાતું નથી. આ કાર્ય માટે બન્ને વોટર વર્કસ ખાતે પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત કરવાની યોજના માટે અંદાજે ? ૨૫૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે આ યોજના સાવ મંથર ગતિએ ચાલી રહી છે, જેમાં હજુ સુધી એક પ્લાન્ટનું કામ પૂર્ણતાને આરેપહોંચ્યુ છે, પરંતુ બીજા પ્લાન્ટનું કામ ધીમી ગતિએ ચાલતું હોવાનું પ્રતિત થઈ રહ્યું છે.

પાટનગર યોજના વિભાગ દ્વારા શહેરમાં શહેરમાં પીવાના પાણીના વિતરણમું કાર્ય કરવામાં આવે છે અને આ કામ માટે સરિતા વોટર વર્કસ અને ચરેડી વોટર વર્કસ ખાતે સ્થાપવામાં આવેલા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટનું આયુષ્ય હવે પુરા થવા આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ પ્લાન્ટમાં છાશવારે નાનું મોટું રીપેરીંગ કાર્ય કરવું પડે છે. આ સંજોગોમાં ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પાણી આપવાની યોજનાની જો શરૂઆત કરવાની થાય તો તે માટે હાલની વ્યવસ્થા પુરતી સાબિત થઈ શકે તેમ નથી જણાતી.

હાલ ચરેડી વોટર વર્કસ પરના પ્લાન્ટનું કામ તો પૂર્ણતાને આરે પહોંચી ગયું છે પરંતુ સરિતા વોટર વર્કસ પર નવા શુદ્ધિકરણ પ્લાન્ટનું કામ બાકી છે. જો આ પ્લાન્ટનું કાર્ય સમય મર્યાદામાં પુરુ કરવામાં આવે તો હાલની પાણી વિતરણ વ્યવસ્થામાં પડી રહેલી મુશ્કેલીઓ દૂર કરી શકાય તેમ જણાઈ રહ્યું છે.

# 'ચ' અને 'જ' માર્ગ પર વન વિસ્તારમાં નવી ફેન્સીગ કરાશે

## સે ૮ થી ચ-૩ના વિસ્તારમાં નવા રોપાની વાવણી કરાશે : જ-માર્ગ પર પણ નવા વાવેતરનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

આગામી વરસાદી દિવસોને અનુલક્ષીને વનતંત્ર દ્વારા શહેરમાં નવા રૂપાની વાવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે જોકે હાલ વન આરક્ષિત વિસ્તાર ની ફેન્સીંગમાં ઠેર ઠેર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે જેના લીધે નવા રોપાઓને અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે આવા સંજોગોમાં નવી વાવણી પૂર્વે વન તંત્ર દ્વારા જો માર્ગ પર સેક્ટર ૮ ના કોર્નર પાસે ફેન્સીંગ નું કામ હાથ ધરવામાં આવશે આ ઉપરાંત જ માર્ગે આસપાસ પણ નવા રોપાઓની વાવણીને અનુલક્ષીને ટૂંકમાં જ ફેન્સીંગ નું કામ શરૂ કરી દેવાશે જોકે શહેરના અન્ય મુખ્ય માર્ગોની આસપાસ ફેન્સીંગનું નવીનીકરણ કરવા પણ વન તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી પાણી ગટર લઈને નવી લાઈન નાખવા ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યું છે જેના લીધે શહેરના વિવિધ માર્ગો તેમજ સેક્ટરોના આંતરિક રસ્તાઓ પર ખાડા ટેકરાની સ્થિતિ સર્જાઈ છે સેક્ટર વાસીઓ પણ ઉબડખાબડ માર્ગોના લીધે પરેશાન છે બીજી તરફ હજુ પણ આ કામગીરી લાંબા સમય સુધી ચાલશે જેના લીધે વંતતંત્ર દ્વારા મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારમાં ફેન્સીંગનું કામ પણ ત્યારબાદ જ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે પરંતુ પ્રતિવર્ષ વરસાદી દિવસો દરમિયાન વન વિભાગ દ્વારા નવા રોપાવો ની વાવણી કરવામાં આવે છે આગામી વરસાદી દિવસો દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com